જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । બુધવાર । તા. ૭-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રંગબેરંગી લાઇટિંગ, મિઠાઇઓ અને ફટાકડાઓનો જોરદાર ક્રેઝ

દેશભરમાં આજે દિવાળી પર્વની ભવ્ય ઉજવણી થશે

નવી દિલ્હી

દેશભરમાં આવતીકાલે દિવાળી પર્વની પરંપરાગતરીતે ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. દેશના કરોડો લોકો આ તહેવારને ઉજવવા માટે તૈયાર થયેલા છે. દિવાળી પર્વની ઉજવણી ફટાકડાઓ ફોડી, મિઠાઈઓ વહેંચી અને રંગબેરંગી લાઇટિંગ સાથે કરવામાં આવે છે. ઉજાસના પર્વ તરીકે આને ગણવામાં આવે છે. દિવાળી પર્વની ઉજવણી પાછળ પ્રચીન ઇતિહાસ પણ જોડાયેલો છે. દિવાળી પર્વને લઇને દેશભરના લોકો પહેલાથી જ ઉત્સાહિત રહે છે. દિવાળી પર્વની શરૂઆત ધનતેરસના દિવસથી થયા બાદ લાભ પાંચમ સુધી કરવામાં આવે છે. મોટાભાગના વિભાગોમાં આ ગાળા દરમિયાન રજા પણ જાહેર કરી દેવામાં આવે છે જેથી પરિવાર સાથે આ પર્વની ઉજવણી કરવાની પરંપરા રહી છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે સ્થિતિ ખુબ જ સુધરી છે. લોકોની ખરીદી શક્તિ વધી છે.



આર્થિક સ્થિતિ દેશની સારી બની છે જેના પરિણામ સ્વરુપે તીવ્ર મોંઘવારી છતાં ફટાકડાઓ, મિઠાઈઓ અને અન્ય ચીજવસ્તુઓની ખરીદીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. દિવાળી પર્વ મુખ્યરીતે બાળકો અને યુવા પેઢી વધુ શાનદારરીતે ઉજવે છે. કોર્પોરેટ જગતમાં દિવાળી પર્વ પ્રસંગે એક બીજાને મિઠાઇઓ આપવા અને ગ્રિટિંગ્સ કાર્ડ અને શુભેચ્છા સંદેશાઓ મોકલવાની પરંપરા રહી છે. યુવા પેઢી કિંમતી ભેટ સોગાદો આપીને પણ આ તહેવારની ઉજવણી કરે છે. બાળકો ફટાકડા ફોડવામાં વ્યસ્ત રહે છે. જુદી જુદી સંસ્થાઓ ધ્વનિ પ્રદૂષણ અને અન્ય રીતે નુકસાન ન થાય તે માટે સક્રિય રહે છે પરંતુ બાળકો આની તરફ ધ્યાન આપ્યા વગર શાનદાર ઉજવણીમાં વ્યસ્ત જોવા મળે છે. દિવાળી પર્વ દરમિયાન ખરીદી માહોલ વધારે રહે છે.આ ગાળા દરમિયાન સોના ચાંદી, વાહનોના બજારમાં અનેક ગણો વધારો થાય છે. આ ઉપરાંત ફટાકડા બજારમાં પણ તેજી રહે છે. આ તમામ બજારોનું કદ સતત વધી રહ્યું છે. આવનાર સમયમાં આ તમામ કારોબાર વધુ તીવ્ર બને તેવા સંકેત છે. દિવાળી ઉપર ફટાકડાઓનો વિશેષ ક્રેઝ રહે છે. મોટાપાયે ફટાકડાઓની ખરીદી બાળકો અને મોટી વયના લોકો દ્વારા કરવામાં આવી રહી છે. ફટાકડાઓની કિંમતમાં ઉલ્લેખનીય વધારો થયો છે. બીજીબાજુ ફટાકડાઓને લઈને વારંવાર કેટલીક સંસ્થાઓ દ્વારા વાંધો પણ ઉઠાવવામાં આવે છે. ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ અને શરતોની વાત થઈ રહી છે. આવા સમયમાં ફટાકડાનું વેચાણ ઘટી રહ્યું છે. દિલ્હી, અમદાવાદ, જયપુર, લખનઉ, મુંબઈ જેવા મોટા શહેરોમાં ગેરકાયદે ફટાકડા વેચનારા ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. ફટાકડા માટેની માંગ ઉલ્લેખનીય રીતે ઘટી ગઈ છે. ૩૫થી ૪૦ ટકા સુધી માંગ ઘટી છે. સ્થાનિક ઈન્ડસ્ટ્રીને જંગી નુકશાનનો ખતરો પણ દેખાઈ રહ્યો છે. દિવાળી પર્વને શાંતિપૂર્ણ રીતે ઉજવવાની પંરપરા રહી છે. આ તહેવારને અંધારામાંથી ઉજાસ તરફ આવવાના તહેવાર તરીકે ગણવામાં આવે છે. હાલમાં ચાઇનીઝ ફટાકડાને લઇને તંત્રે ખાસ નજર કેન્દ્રિત કરી છે. કેટલાક પ્રકારના ફટાકડા ન ફોડવા પર પ્રતિબંધ પણ મુકવામાં આવ્યો છે. તેના વેચાણ પર રોક મુકવામાં આવી ચુકી છે. જો કે કારોબારીઓ વેચાણ કરતા રહે છે. દિવાળી પર હમેંશા તંત્ર દ્વારા ચોક્કસ પગલા લેવામા આવે છે. આ વર્ષે સુપ્રીમ કોર્ટ દ્વારા ફટાકડાના રસિકોને રાહત આપવામાં આવી છે. કારણ કે સુપ્રીમ કોર્ટે કેટલીક શરત સાથે કેટલાક સમય ગાળા દરમિયાન ફટાકડા ફોડવાને મંજુરી આપી છે. બાળકોને મજા પડી ગઇ છે. રાત્રે આઠ વાગ્યાથી દસ વાગ્યા વચ્ચે ફટાકડા ફોડવાને મંજુરી આપી દેવામાં આવી છે.કરોડો લોકો દિવાળીની ઉજવણી કરવા માટે સજ્જ થયેલા છે.

દિવાળીની રજાઓમાં નર્મદા જિલ્લો પ્રવાસીઓથી ઉભરાશે, ટેન્ટ સીટી સહીત હોટલો ૭૦ ટકા બુકીંગ થઈ ગયું



રણોત્સવ બાદ ટેન્ટ માં રહેવા પ્રવાસીઓ માં આકર્ષણ જામ્યું, સરકારી ખાનગી તમામ હોટલો બુક થતા હાઉસફુલ ના પાટિયા લાગ્યા

રાજપીપળા : આજથી દિવાળી પર્વની મુખ્ય રાજાઓ ચાલુ થઈ છે અને ત્રણ દિવસ પ્રવાસીઓ નું એકજ સ્થળ આકર્ષણ બન્યું છે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા બંધ, ઝરવાણી, વિશાલ ખાડી, માલસામોટ સહીત સ્થળો ખુબ પ્રવાસીઓ ને આકર્ષે છે જેથી આ ત્રણ દિવસ ની રજાઓમાં પ્રવસીઓ એ પહેલાથી એડવાન્સ બુકીંગ કરાવી લીધું છે. નર્મદા બંધ પાસે આવ્યે સૌથી આકર્ષણ ટેન્ટ સીટી એ જમાવ્યું છે જેના લક્ઝરીયસ ટેન્ટો, એસી ટેન્ટો તમામ બુકીંગ થઇ ગયું છે. નર્મદા બંધ પર બે જગ્યાઓ પર મળી ૨૫૦ ટેન્ટ બનાવવા માં આવ્યા છે જેમાંથી ૭૦ ટકા બુકીંગ તો ફૂલ થઈ ગયું છે. ત્યારે કેવડિયા કલોની ખાતે આવેલી અન્ય હોટેલો પણ ફૂલ થઈ ગઈ છે એટલે નર્મદા જિલ્લામાં પ્રવાસીઓ આ ત્રણ દિવસની રજામાં વધુ રહેશે એ વાત ચોક્કસ છે.

કેવડિયા કલોની ખાતે બે દિવસ પહેલા જિલ્લા કલેક્ટર આર એસ નિનામા અને જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયા સહિતના પોલીસ અધિકરીઓ એ બેઠક કરી ને પ્રવાસીઓને કેવીરીતે સુરક્ષા અને સલામતી આપી શકીયે સાથે ટ્રાફિકની પણ સમસ્યા હલ કરી શકીયે ત્યારે આ બાતે મહેન્દ્ર બગડિયા એ જણાવ્યું હતું કે નર્મદા ડેમ વિસ્તારોમાં અંદર તળાવ ૩ પાસે અને તળાવ ૪ પાસે બે ટેન્ટ સીટી છે ત્યારે જે ટેન્ટ સિટીમાં બુકિંગ હોય એ પ્રવસીઓ ને એન્ટ્રી પાછળ એચ.,આર. થી આપવી અને જેના બુકીંગ ની રસીદ જોઈ જવા દેવું સાથે ટેન્ટ સીટી ના સંચાલકને પણ ખાસ ચેકીંગ અને આવનાર પ્રવાસીઓ ની આઈ ડેન્ટી રાખવા જણવ્યું હતું છતાં પોલીસ ચેકીગ કરીને જ જવા દેશે। જયારે ફરવા જવા વાળા પ્રવાસીઓને માટે બસ સુવિધા દ્વારા એન્ટ્રી અપાશે.

આજથી સતત પાંચ દિવસ બેન્કો રહેશે બંધ : પૈસાની અછત સર્જાશે

ગાંધીનગર

દીવાળીના કારણે બેંકમાં લાંબી રજા હોય શકે છે. આરબીઆઈની વેબસાઇટ પર અપાયેલ જાણકારી પ્રમાણે ૭ નવેમ્બરના રોજ દિવાળી, ૮ નવેમ્બરના રોજ નવુ વર્ષ અને ૯ નવેમ્બરના રોજ ભાઈબીજના કારણે ઉત્તરપ્રદેશના બેંક બંધ રહેશે. ૧૦ નવેમ્બરના રોજ મહિનાનો બીજો શનિવાર આવે છે એટલે બંધ રહેશે. આ ઉપરાંત ગુજરાતમાં પણ ૭ અને ૮ નવેમ્બર બેંક બંધ રહેશે જ્યારે ૧૦મી તારીખે મહિનાનો બીજો શનિવાર છે એટલે બંધ રહેશે. મોટાભાગની બેંકોમાં ૯મી તારીખે પણ બેંકો બંધ રહેશે.

મહત્વનું છે કે સરકાર આટલી લાંબી રજાઓને મોટાભાગે અટકાવી દે છે. પરંતુ તમારે આની તૈયારીઓ પહેલેથી જ કરવી પડે છે. જો તમારૂં જરૂરી કામ બાકી રહી જાય છે તો તેને આજે જ પતાવી દેજો.

નવેમ્બરના અંતમાં ૨૩ નવેમ્બર ૨૦૧૮ (શુક્રવાર) ઈદ-એ- મિલાદ છે. જ્યારે તેના પછીના દિવસે એટલે શનિવારે ૨૪ નવેમ્બરના રોજ ગુરૂ તેગ બહાદુરજીની શહીદી દિવસ પર ઘણાં રાજ્યોમાં રજા હોઇ શકે છે. ગુજરાતમાં ૭ નવેમ્બરે દિવાળી, ૮ નવેમ્બરે નૂતનવર્ષ અને ૯ નવેમ્બરે ભાઈબીજ, ૧૦ નવેમ્બરે બીજો શનીવાર અને ૧૧ નવેમ્બરે રવાવાર હોવાથી લગભગ પાંચ દિવસ બેંક બંધ રહેશે.

સોશિયલ મીડિયા પર ઉડી રહી છે મજાક

ચીનમાં ઈમરાન ખાનની ભીખ માંગવી પડી ભારે, ઉડી મજાક

નવી દિલ્હી

પાકિસ્તાન કોઈને કોઈ એવી હરકત કરતુ આવ્યુ છે કે જેનાથી દુનિયાભરમાં ક્યારેક તેની કડક શબ્દોમાં નિંદા થાય છે અથવા તો તેનો મજાક બની જાય છે. ત્યારે હાલમાં જ એવો એક કિસ્સો સામે આવ્યો હતો, આ મામલો વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત પોતાની ચીન યાત્રાએ પહોંચેલ પાક વડાપ્રધાન ઈમરાન ખાન સાથે જોડાયેલો છે. ચીન પહોંચેલ ઈમરાન ખાન બેજિંગમાં ભાષણ આપી રહ્યા હતા. પીટીવીએ પોતાના વડાપ્રધાનનુ આ ભાષણ લાઈવ દર્શાવ્યુ. જોકે અહીં જ મોટી ભૂલ થઈ. લાઈવ પ્રસારણ દરમિયાન સ્ક્રિન પર બેજિંગની જગ્યાએ બેગિંગ લખવામાં આવ્યુ. આ ભૂલ ૨૦ સેકન્ડ સુધી સ્ક્રીન પર રહી.

આ ભૂલના પગલે પાકિસ્તાનની ખૂબ જ મજાક ઉડી. મહત્વનુ છે કે વડાપ્રધાન બન્યા બાદ ઈમરાન દુનિયાભરમાં પોતાના દેશની આર્થિક સંકટની સ્થિતિ લઈને રોતળા રડી રહ્યા છે. ગરીબી દૂર કરવા માટે તેમણે જ્યાં તમામ ખર્ચમાં કાપ મુકવાનો પ્રયત્ન કર્યો છે, તો પીએમ હાઉસમાં વર્તમાન કારથી લઈને ભેંસોની પણ હરાજી કરી દેવામાં આવી. ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીના સેન્ટ્રલ પાર્ટી સ્કુલમાં ઈમરાન ખાનના ભાષણ લાઈવ પ્રસારણ દરમિયાન સ્ક્રીન પર બેગિંગ (ભીખ માંગવુ) લખવા માટે પીટીવીએ માફી પણ માંગી છે. ઈમરાન આર્થિક તંગીનો સામનો કરી રહેલ પાકિસ્તાન માટે આર્થિક પેકેજ મેળવવાના ઉદેશ્યથી ચીનની સત્તાવાર યાત્રાએ ગયા હતા.પીટીવી ન્યુઝના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર ટ્વિટ કરવામાં આવ્યુ કે, ચીનની યાત્રાએ પહોંચેલ પાક વડાપ્રધાન ઈમરાનના સંબોધનના આજે સીધા પ્રસારણ દરમિયાન ભૂલ થઈ. આ ભૂલ આશરે ૨૦ સેકન્ડ સુધી સ્ક્રીન પર ચાલતી રહી.

દિલ્હીનું હવામાન સુધારવા હવે કૃત્રિમ વરસાદ કરાવાશે

૧૦ નવેમ્બર સુધી કૃત્રિમ વરસાદ માટે વાતાવરણ યોગ્ય નથી, જેથી ત્યારબાદ આ અંગે વિચાર કરવામાં આવશે

નવી દિલ્હી

દિલ્હીની ઝેરી હવાને સ્વચ્છ બનાવવા માટે કૃત્રિમ વરસાદ કરાવવા અંગે વિચાર કરવામાં આવી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અને ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)એ એરક્રાફ્ટની મદદથી સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) અને આઈઆઈટી કાનપુરના રીસર્ચર્સ ક્લાઉડ સીડિંગની યોજના બનાવી રહ્યા છે. કૃત્રિમ વરસાદથી દિલ્હીની એર ક્વોલીટીમાં સુધારો આવી શકે છે. આ માટે ક્લાઉડ સીડિંગના પ્રયત્નો ટૂંકમાં જ શરુ થશે. માનવામાં આવી રહ્યુ છે કે ૧૦ નવેમ્બર બાદ આના પર કામ શરુ થઈ શકે છે. એવુ પ્રથમ વખત છે જ્યારે દેશમાં કોઈ શહેરના પ્રદૂષણને ઘટાડવા માટે કૃત્રિમ વરસાદનો સહારો લેવો પડી રહ્યો છે.

સીપીસીબીના મેમ્બર સેક્રેટરી પ્રશાંત ગાર્ગવાએ આ અંગે જણાવ્યુ કે, એર પોલ્યુશન ઘટાડવાનો એક રસ્તો કૃત્રિમ વરસાદ છે. અમે આઈએમડી અને આઈઆઈટી કાનપુર સાથે મળીને આ વિકલ્પ પર કામ કરી રહ્યા છીએ. આ મામલે આઈઆઈટી કાનપુરના પ્રોફેસર સચ્ચિદાનંદ ત્રિપાઠીએ જણાવ્યુ કે, અમે પોતાની તરફથી આર્ટિફિશિયલ વરસાદ માટે તૈયાર છીએ.

અમે આ માટે યોગ્ય પરિસ્થિતિની રાહ જોઈ રહ્યા છીએ. તેમણે જણાવ્યુ કે, હવામાન વિભાગ કૃત્રિમ વરસાદ માટે હવામાનની સ્થિતિ પર નજર રાખી રહ્યુ છે. ત્રિપાઠીએ જણાવ્યુ કે, ૧૦ નવેમ્બર સુધી હવામાન કૃત્રિમ વરસાદ કરાવવા માટે યોગ્ય નથી.

તેલંગાણામાં ટીઆરએસ નેતાની કરાઈ કરપીણ હત્યા

હૈદરાબાદ

તેલંગાણામાં ટીઆરએસ નેતા નારાયણ રેડ્ડીની કથિત રીતે પત્થરવડે કરપીણ હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટનાને લઈ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટના વિકરાબાદ જિલ્લાના સુલ્તાનપુર ગામની છે. ટીઆરએસ નેતાનો મૃતદેહ મંગળવારે સવારે મળી આવ્યો. ટીઆરએસ નેતાનો મૃતદેહ મળ્યા બાદ તેના સમર્થકોમાં ઉગ્ર રોષની લાગણી જોવા મળી અને તેઓએ કોંગ્રેસ પાર્ટીના બે કાર્યકર્તાઓ પર હુમલો કરી દીધો. આ બન્ને કાર્યકર્તાઓ ગંભીર રીતે ઘાયલ થતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક સુત્રોના જણાવ્યા મુજબ, રવિવારે નારાયણ ગ્રુપ અને તેના હરીફ જુથ વચ્ચે વિવાદ ઉભો થઈ ગયો. ત્યારબાદ સંઘર્ષમાં ક્ષેત્રીય રાજકીય પાર્ટી તેલંગાણા રાષ્ટ્ર સમિતિના નેતાની હત્યા કરી દેવામાં આવી. હજી સુધી આ મામલે ફરીયાદ પણ નોંધવામાં આવી નથી. ગામમાં તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે. મામલાની ગંભીરતાને જોતા વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસદળ તૈનાત કરવામાં આવ્યો છે.

કેદારનાથની મુલાકાત પણ લેશે મોદી

વડાપ્રધાન આજે સેનાના જવાનો સાથે ઉજવશે દિવાળી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત પાંચમી વખત પોતાની દિવાળીનો તહેવાર સેનાના જવાનો સાથે મળીને ઉજવશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વખતે પણ સરહદ પર જવાનો સાથે દિવાળી મનાવશે. હાલ પીએમ મોદીના આ કાર્યક્રમને ટોપ સિક્રેટ રાખવામાં આવ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ આ વખતે વડાપ્રધાન મોદી ઉત્તરાખંડમાં ચીન સાથે જોડાયેલ સરહદ પર સેના અને આઈટીબીપીના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરશે. આ સાથે જ વડાપ્રધાન મોદી પોતાના ડ્રીમ પ્રોજેક્ટ કેદારનાથ ધામના પુનનિર્માણ કાર્યનું નિરીક્ષણ



પણ કરશે. તેઓ અહીં કપાટ બંધ થવાના પ્રસંગે આવતીકાલે મુલાકાત લેશે. વડાપ્રધાન મોદી આવતીકાલે સવારે દિલ્હીથી વાયુસેનાના ખાસ વિમાનથી દેહરાદુન પહોંચશે. દેહરાદુનથી એમઆઈ ૧૭ હેલિકોપ્ટરથી કેદારનાથ અને સરહદ પર જશે. પીએમ મોદી સરહદ પર સેના અને આઈટીબીપીના જવાનો સાથે ચા-નાસ્તો પણ કરશે. પીએમ મોદીનો દિવાળી કાર્યક્રમ ૨ કલાકનો જ હશે. આ પ્રથમ વખત નથી જ્યારે મોદી દિવાળી પ્રસંગે સેનાની સાથે દિવાળી મનાવશે. મોદી વડાપ્રધાન બન્યા બાદ પોતાની ચાર દિવાળી સેનાના જવાનો સાથે સરહદ પર મનાવી ચુક્યા છે. સાથે જ વડાપ્રધાન મોદી કેદારનાથમાં પુનનિર્માણની ઘણી પરિયોજનાઓનુ લોકાર્પણ કરશે. જેમાં મંદિર સુધી જતા રસ્તા, મંદાકિની નદી પર બનેલ ઘાટ અને પુરોહિત માટે ઘર સામેલ છે.

વિવાદ છે પરંતુ આરબીઆઈ ગવર્નર પદ નહીં છોડે : કેન્દ્ર

સેન્ટ્રલ બેંક સાથે મતભેદ પહેલા પણ રહ્યા છે, જેથી ગવર્નર ઉર્જિત પટેલને બહાર નહીં કરવામાં આવે : કેન્દ્ર સરકાર

દિલ્હી

કેન્દ્ર સરકારે રીઝર્વ બેંક સાથે ચાલી રહેલ વિવાદ ઉકેલવાના પ્રયત્નના ભાગરુપે જણાવ્યુ કે, સેન્ટ્રલ બેંક સાથે મતભેદ પહેલા પણ રહ્યા છે, જેથી ગવર્નર ઉર્જિત પટેલને બહાર નહીં કરવામાં આવે. સુત્રોના જણાવ્યા મુજબ, સરકાર અને ટોચની બેંક વચ્ચે મતભેદ કોઈ નવી વાત નથી, પરંતુ ભૂતકાળમાં પણ કેટલીક સરકારો સાથે સેન્ટ્રલ બેંકને મતભેદ ચાલતા રહ્યા છે. જોકે તે સમયે જ્યારે આર્થિક નીતિ માટે જવાબદાર આ બન્ને પક્ષોની જોવાની રીતે એક જેવી નહતી. એક અધિકારીએ જણાવ્યુ કે ઉર્જિત પટેલનો કાર્યકાળ આગામી વર્ષે ઓગસ્ટમાં પૂરો થઈ રહ્યો છે. જોકે, આરબીઆઈ અને સરકાર વચ્ચે મતભેદ ૧૦ દિવસ પહેલા જાહેર કરવામાં આવ્યા, એટલે પટેલની કિસ્મતને લઈને અટકળો લગાવવામાં આવી રહી હતી. સરકાર લિક્વિડિટી, ક્રેડિટ ફ્લો અને નબળી બેંકો માટે લાગૂ પ્રોમ્પ્ટ કરેક્ટીવ એક્શન (પીસીએ) ફ્રેમવર્કને લઈ આરબીઆઈ પર દબાવ નાંખવો કોઈ રીતે, પરંતુ તે કેન્દ્રીય બેંકમાં ઉભી કરવા નથી માંગતી.

કચ્છના યુવા સાંસદ તરફથી ગૌસેવાના લાભાર્થે સંતવાણી અને સ્નેહમિલન કાર્યક્રમ સુખપર(રોહા) ખાતે યોજાશે

ભુજ કચ્છ: કચ્છના યુવા સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા દીપોત્સવ અને નૂતન વર્ષની શુભકામના પાઠવવા તારીખ ૦૯/૧૧/૨૦૧૮ને શુક્રવારના સાંજે સુખપર (રોહા) ખાતે સ્નેમિલન, શ્રીરામદેવપીરની પાટકોરી, મહા પ્રસાદ તથા ગૌસેવાના લાભાર્થે ભવ્ય સંતવાણી કાર્યક્રમ નું આયોજન કરેલ છે. દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિમાં કચ્છના મહામૂલા પશુધન બચાવવા અને ખેડૂત મિત્રોને ઘાસચારના વાવેતર માટે પ્રોત્સાહિત કરવાના ઉદાત આશ્યની સાથે દીપ પર્વની ઉજવણી નૂતન વર્ષ ની શુભકામના પાઠવવા માટે સ્નેહ મિલનનું આયોજન સાથે કચ્છ નું ગૌરવ ગીતાબેન રબારી સંતવાણી અને કચ્છના ગૌરવ હાસ્ય સમ્રાટ રસીક મારાજ ના પુત્ર દીક્ષિત મારાજની હાસ્ય રમઝટ સાથે સાંસદશ્રીએ પોતાના વતન ગામ સુખપર (રોહા) તા.નખત્રાણા ખાતે તારીખ



૦૯/૧૧/૨૦૧૮ શુક્રવાર પાવન પર્વ ભાઈબીજ ના આયોજન કરેલ છે સાંજના ૭:૦૦ વાગે શ્રીરામદેવપીરની પાટકોરી અને સ્નેહમિલન, રાત્રે ૮:૦૦ કલાકે મહાપ્રસાદ અને ૧૦:૦૦ કલાકે સંતવાણી કાર્યક્રમમાં જાહેર જનતાને શુભેચ્છકો મિત્રોને પધારવા યુવા સાંસદે અનુરોધ કરેલ છે.

વધુમાં યુવા સાંસદે જણાવ્યું કે મોટા ખેડૂત મિત્રો પોતાના ખેતરમાં એક બે એકરમાં જુવાર, મકાઈ અને ઘાસચારાનું વાવેતર કરે નાના ખેડૂત મિત્રો પોતાના ખેતરમાં ઘાસ ચારા માટે વાવેતર કરે તેમને બિયારણ આપવા માટે તત્પરતા દાખવી હતી. દાતાઓના સહયોગગે પશુધન પ્રત્યે અનુકંપા ધરાવતા દરેક વ્યક્તિના મદદથી કચ્છની ખમીરવંતી પ્રજા દુષ્કાળ પાર કરી જશે ભૂતકાળમાં અવાર-નવાર પડતા દુષ્કાળ સમયે પ્રજાજનો કચ્છની બહાર વસતા કચ્છીજનોની અનુમોદના આપણે સંકટ પાર કરેલ છે, તેમ યુવા સાંસદે જણાવ્યું હતું.

તાપી જિલ્લામાં રાત્રે ૮ કલાકથી ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે

ફટાકડા ફોડવા સંદર્ભે પ્રતિબંધક હુકમ ફરમાવાયો

વ્યારા

જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ તથા જાહેર આરોગ્યને થતી અસરના સંબંધમાં તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા ફટાકડા ફોડવા અંગે સ્પષ્ટ સૂચનાઓ તથા માર્ગદર્શિકા આપવામાં આવી છે. જેનું પાલન થાય તે અત્યંત જરૂરી હોઈ તાપી જિલ્લાના જિલ્લા કલેકટર એન.કે.ડામોરે જાહેરનામું બહાર પાડી તાપી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા. ૨૩/૧૧/૨૦૧૮ના ૨૪:૦૦ કલાક સુધી નીચે મુજબના કૃત્યો કરવા માટે પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામામાં જણાવાયા અનુસાર કોઈપણ વ્યક્તિએ સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલા કોઈ પણ પ્રકારના ફટાકડા કોઈ પણ પ્રસંગે ફોડી શકશે નહિં કે અન્ય કોઈ પણ રીતે ઉપયોગ કરી શકશે નહિં. કોઈ પણ વ્યક્તિ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી સૂચના મુજબ રાત્રીના ૨૦:૦૦ કલાકથી ૨૨:૦૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકશે. તે સિવાયના સમય દરમિયાન કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકશે નહિં.

વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી ત્રાસી ગયેલા વેપારીએ ઝેરી દવા ગટગટાવી

વ્યાજખોરો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ

સુરત

વ્યાજખોરના ત્રાસથી દોરા બનાવવાના વેપારીએ જંતુનાશક દવા પી જઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ પણ વ્યાજખોરે પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નાના વરાછા તુલસી શ્યામ સોસાયટીમાં રહેતાં દોરા વેપારી જાદવ દેવરાજભાઈ વિરાણીએ વ્યાજખોર દાનુભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ આરોપી પાસેથી બે વર્ષ પહેલા ૧૦ ટકાના વ્યાજે રૂપિયા લીધા હતા. એક વર્ષ સુધી ફરિયાદીએ વ્યાજ ચૂકવ્યુ હોવા છતાં આરોપીએ રૂપિયાની માંગણી કરી ત્રાસ ગુજારતા તા.૨૬-૯-૨૦૧૮ના રોજ ફરિયાદીએ ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં રૂપિયાની ઉઘરાણી કરી આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પોલીસે ફરિયાદ નોંધી હતી.

૨૯'મીએ સુરત જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

૨૮'મીએ તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજાશે

સુરત

લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જે મુજબ નવેમ્બર મહિનાનો તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૮મીએ અને તા.૨૯મીના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે. તા.૨૮મીના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે સૂરત જિલ્લા કલેક્ટરશ્રી કોઈ પણ એક તાલુકામાં ઉપસ્થિત રહેશે. જિલ્લા વિકાસ અધિકારી બારડોલીમાં તથા સુરત ગ્રામ્યનાર પોલીસ અધિક્ષક પલસાણા તાલુકામાં મામલતદાર કચેરીમાં યોજાનારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નોને રૂબરૂ સાંભળી નિરાકરણ કરશે.

આ કાર્યક્રમના ભાગરૂપે તા.૨૮મીના રોજ સવારે ૧૧.૦૦ વાગે આ અધિકારીઓ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિકત રહેશે. જેમાં સિટી તાલુકામાં નાયબ કલેકટર સિટીપ્રાંત અધિકારીશ્રી, માંગરોળ તાલુકામાં નાયબ કલેક્ટર માંડવી પ્રાંત અધિકારીશ્રી, ઓલપાડ તાલુકા ખાતે નાયબ નિયામકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા) સુરત, ચોર્યાસી તાલુકામાં નાયબ કલેકટરશ્રી ઓલપાડ પ્રાંતશ્રી, મહુવા તાલુકામાં નાયબ કલેકટરશ્રી બારડોલી પ્રાંત, કામરેજ તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી(વિકાસ), પલસાણા તાલુકામાં નાયબ કલેકટર કામરેજ પ્રાંત, માંડવી તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી(મહેસૂલ), ઉમરપાડા તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી(પંચાયત), બારડોલી તાલુકામાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સુરતના અધિકારીઓ હાજર રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારોએ દર મહિનાની તા.૧૦મી સુધીમાં તાલુકા કક્ષાએ મામલતદારને તાલુકા સ્વાગત કાર્યક્રમ એમ લખી તથા જિલ્લા કક્ષાના નિકાલ કરવાના કામ માટેની અરજી જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં મોકલી આપવી.

વાપીના બિલ્ડર કીર્તિકુમાર જૈન સાથે રૂા.૪.૭૭ કરોડની છેતરપિંડી

વેસુ ખાતેના ભાગીદારી પેઢીના પાંચ ફ્લેટ બારોબાર વેચી દેવાયા

સુરત

ભાગીદારી પેઢીના પાંચ ફ્લેટોનો વેચાણ દસ્તાવેજ બનાવી પેઢીમાં રૂા.૪.૧૭ કરોડ જમા નહીં કરાવી અંગત ઉપયોગ લેનાર ભાગીદાર વિરૂદ્ધ ભાગીદારે ફરિયાદ નોંધાવી હતી.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વાપી જીઆઈડીસી શ્રદ્ધા સોસાયટીમાં રહેતાં બિલ્ડર કીર્તિકુમાર કુટરમલ જૈને આરોપી કુમારેશ ત્રિશોરભાઈ અગરબત્તીવાળા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ વેસુમાં વેલેન્સીયા કોર્પોરેશનની ભાગીદારી પેઢીના પાંચ ફ્લેટો સંયુક્ત પેઢીના ભાગીદારીની માલિકીના હોવા છતાં આરોપી કુમારેશે એકલા માલિક હોવાનું બતાવી વેચાણ કરી પેઢી સાથે રૂા.૪,૭૭,૪૦,૦૦૦ની છેતરપિંડી વિશ્વાસઘાત કરી હતી. ઉમરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

હવે ચા પીને નહીં બલ્કે ચા ચાવીને આળસને દૂર કરો

અમદાવાદ

'ચા' એ આપણી રોજીંદી લાઈફનો એક મહત્વનો હિસ્સો છે. પરંતુ હવે આ પ્રવાહી પદાર્થ 'ચાવવા'ના રૂપમાં પણ ભારે લોકપ્રિયતા મેળવી રહ્યો છે. એટલું જ નહીં આને ધુમ્રપાન કરનારા લોકોમાં નિકોટીનના પ્રભાવને ઓછુ કરતા પદાર્થ તરીકે પણ જોવામાં આવે છે. ઉટી સ્થિત 'ડોડાબેટ્ટા ટી ફેક્ટ્રી' અને ટી મ્યુઝિયમના મહાપ્રબંધક એલ વરદરાજે જણાવ્યું કે, જર્મનીના કેટલાક ભાગોમાં તો લોકો પોતાની આળસ દૂર કરવા માટે કંઈક આવી જ રીતે ચાની સફેદ પત્તીઓને ચાવે છે, જેમ ભારતમાં લોકો પાન મસાલા ચાવીને કરે છે. વરદરાજની ફેક્ટ્રી યુરોપીય દેશોના કેટલાક ભાગોમાં સફેદ ચાની નિકાસ કરે છે. તેમણે જણાવ્યું કે, ખરેખર આ એક અદ્ભૂત અને જાણવા જેવી વાત છે કે લોકો ત્યાં (જર્મનીમાં) આળસ દૂર કરવા માટે સફેદ ચાને પાન મસાલાની જેમ ખાવાનું પસંદ કરે છે.

ચા ઉદ્યોગમાં સફેદ ચાની બહુ ડિમાન્ડ છે તેથી જ તે અન્ય ચા કરતા મોંઘી છે. સફેદ ચાની પત્તીને હાથથી તોડી શકાય છે અને નિકાસ પહેલા તેને તડકામાં સુકવવામાં આવે છે. વરદરાજે જણાવ્યું કે, સ્વાસ્થ્યને જોતા પણ આ સફેદ ચાનો ઉપયોગ સારો છે અને આને ગ્રીન ટી કરતા પણ વધારે ફાયદાકારક ગણવામાં આવે છે.

પલસાણા હાઈવે પર પેટ્રોલ પંપમાં રોકડા રૂપિયાની લૂંટ કરી ગોળીબાર

બાઈક પર આવેલા ત્રણ લૂંટારૂઓએ વોચમેન પર ફાયરિંગ કર્યું

સુરત

સુરતના પલસાણામાં અમદાવાદ-મુંબઈ હાઈવે પર આજે વહેલી સવારે પેટ્રોલ પંપ પર ગોળીબાર અને લૂંટની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગત મુજબ સુરત જિલ્લા ના પલસાણા તાલુકામાં અમદાવાદ થી મુંબઈ જતા નેશનલ હાઈવે પર કરણ ગામ ખાતે આવેલ શ્રી પેટ્રોલિયમ પંપ પર આજરોજ વહેલી સવારે ધુમ્મસ નો લાભ લઈ યામાહા સ્પોર્ટ બાઈક ઉપર આવેલ બે ઈસમો પેટ્રોલ પુરાવી પાણી પીવાના બહાને ફરજ પરના કર્મચારીને વાતો માં નાખ્યો હતો. ત્યાર બાદ ત્રીજો ઈસમ આવી ને કેશ કેબીન માં રહેલા પ્રતાપભાઈ ચૌહાણ ની છાતી પર બંદૂક ની અણીએ ૫૫ હજારની લૂંટ કરી હતી. જે દરમિયાન લૂંટ કરી ભાગવા જતા બાજુ માં આવેલી વિજય પેલેસ હોટેલ માં વોચમેને આ મામલો જોઈ ત્રણેય ઈસ્મોને રોકવા જતા બાઈક પર બેસેલા ત્રણ ઈસમો પૈકી વચ્ચેના ઈસમે સામેથી આવતા વોચમેન ઉપર એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સદનસીબે ધુમ્મસ હોવાથી નિશાન ચુકી જતા વોચમેનને ગોળી વાગી નહિ. જ્યારે આ સમગ્ર મામલા ની જાણ પોલીસ ને થતા પલસાણા પોલીસ સહિત ડી.વાય.એસ.પી. નો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને લૂંટારુઓ ને પકડવાના ચક્રોગતિમાન કર્યા હતા.

સુરત મહાનગરપાલિકાના એક્વેરીયમ, ઝુ વગેરેનું ઓનલાઈન બુકિંગ સુવિધા

મનપાની વિવિધ સેવાઓ પણ ઓનલાઈન ઉપલબ્ધ છે

સુરત

સુરત મહાનગરપાલિકા ઈન્ફર્મેશન ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ નાગરિકોને ઝડપી તથા સરળતાથી સેવાઓ ઉપલબ્ધ કરવા માટે કટીબદ્ધ છે. નાગરિકો ઘર બેઠા પોતાના અનુકૂળ સમયે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરી શકે તે અનુલક્ષીને મહાનગરપાલિકાની વેબસાઈટ મારફત વિવિધ સેવાઓ જેવી કે મિલકત વેરો, પ્રોફેશન ટેક્ષ તથા વોટર મીટર ચાર્જનું ઓનલાઈન પેમેન્ટ, ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન, સર્ટીફિકેટની ઓનલાઈન અરજી તથા રીન્યુઅલની સુવિધા, જન્મ અને મરણના સર્ટીફિકેટ, ઓડીટોરિયમ/પાર્ટીપ્લોટ/કોમ્યુનિટી હોલનું બુકિંગ વગેરે ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આનંદ પ્રમોદ માટે બનાવવામાં આવેલ વિવિધ સ્થળો જેવા કે સરથાણા ઝુ, મરીન એક્વેરિયમ, સુરત ફોર્ટ વગેરેને લોકો દ્વારા ખૂબ જ સારો પ્રતિભાવ મળે છે અને દિવાળી અને ઉનાળુ વેકેશન દરમ્યાન ખૂબ જ મોટી સંખ્યામાં લોકો આ સ્થળોની મુલાકાત લે છે. સુરત મહાનગરપાલિકાની અન્ય સેવાઓની જેમ નાગરિકો ઉપરોક્ત સ્થળ માટેની ટીકીટ પણ ઓનલાઈન બુક કરાવી શકે તે માટે આજથી સુરત મહાનગરપાલિકા દ્વારા સરથાણા ઝુ અને મરીન એક્વેરિયમની ઓનલાઈન ટીકીટ બુકિંગની સુવિધા શરૂ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટીકીટ બુકિંગ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપરથી થઈ શકશે. આવનાર સમયમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત અન્ય સ્થળો માટે પણ ઓનલાઈન ટીકીટ બુકિંગ સુવિધા ઉપલબ્ધ થશે. ઉપરોક્ત સુવિધાથી સુરત શહેરના નાગરિકો અને મુલાકાતીઓ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વિકસાવવામાં આવેલ વિવિધ આનંદ પ્રમોદ માટેના સ્થળોની મુલાકાત વધુ સુગમ બનશે.



સ્ટેચ્યુ ઓફ યુનિટી વિરોધ સતત ચાલુ છે છતાં સરકાર ના પેટનું પાણી હલતું નથી ...?!

આદિવાસી સમાજ વતી તેર માંગણીઓ પૂર્ણ કરવા ની માંગ સાથે આવેદનપત્ર આપ્યું

રાજપીપળા:ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૧મી ઓક્ટોબરે નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું.આ લોકાર્પણ પેહલા અને લોકાર્પણ બાદ પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિરુદ્ધમાં આદિવાસીઓ પોતાનો વિરોધ પ્રદર્શન કરતા આવ્યા છે.તો ભારતીય બંધારણની અનુસૂચિ -૫નું ઉલ્લંઘન રોકી-નર્મદા જિલ્લા અને આદિવાસીઓ ને (અનુસુચિત જનજાતિ)ન્યાય અપાવવા મુદ્દે ગરૂડેશ્વર ખાતે પ્રખર પર્યાવરણ વાદી રોહિત પ્રજાપતિએ આદિવાસીઓને સંબોધ્યા હતા.એમણે જણાવ્યું હતું કે લોકોના પેટ પર લાત મારી,નર્મદા નદીનું ખૂન કરી સરકારે સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવ્યું છે.જેની જમીન પર તાગડધિન્ના કરી સરદારનું સ્ટેચ્યુ બનાવ્યું એમને પેહલા કાયમી નોકરી આપો,હવે અહીયા કોઈ પણ પ્રોજેકટ આવવો જોઈએ નહીં અને કોઈની પણ જમીનો જવી જોઈએ નહીં.પર્યાવરણ અને ભારતીય બંધારણનું ઉલ્લંઘન કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કર્યું છે.સરદાર પટેલ અને સરદાર પટેલનું સ્ટેચ્યુ બે અલગ વાત છે ૧૮૨ ફૂટની સરદાર પટેલનું સ્ટેચ્યુ બનાવી સરકારે આદિવાસીઓને લોલીપોપ આપી છે.

બાદ આસપાસના ગામોના સરપંચો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોની હાજરીમાં દેશના રાષ્ટ્રપતિને સહિત દેશના આદિવાસી ધારાસભ્યો,રાજ્યપાલને સંબોધતુ એક આવેદનપત્ર રોહિત પ્રજાપતિ,પ્રફુલ્લ વસાવા, લખન મુસાફીર,મહેશ તડવી,શૈલેષ તડવીની આગેવાનીમાં ગરૂડેશ્વર મામલતદારને અપાયું હતું.જેમાં જણાવ્યું હતું કે નર્મદા જિલ્લો ભારતીય બંધારણની અનુસૂચિ -૫ મુજબ આદિવાસી અનામત જિલ્લા છે.આ જિલ્લાની તમામ જળ,જમીન,જંગલ અને અન્ય સંપત્તિ ઉપર પહેલો અધિકાર આદિવાસીઓનો જ છે.નર્મદા જિલ્લામા બનેલ સરદાર સરોવર નર્મદા ડેમ,સ્ટેચ્યુ ઓફ યુનિટી,વિયર ડેમ માટે સૌથી વધુ બલિદાન આદિવાસીઓએ આપ્યું છે.ગુજરાતના હરણફાળ વિકાસ માટે અમારા આદિવાસીઓનો હમેશાં ભોગ લેવાયો છે.આઝાદીના ૭૧ વર્ષ બાદ પણ આદિવાસી ઓને બંધારણની અનુસૂચિ ૫ નો ચુસ્ત અમલીકરણ નહી કરી કેન્દ્ર અને રાજ્ય સરકારે આદિવાસીઓ ને શિક્ષણ,આરોગ્ય,સિંચાઈ સેવાઓથી વંચિત રાખી સામાજિક,શૈક્ષણિક અને આર્થિક વિકાસથી દૂર રાખ્યા છે.ભારતના ઈન્ડીજિનસ-એબઓરીજનલ-મુલવંશ આદિવાસીઓને જળ,જમીન અને જંગલ સંપત્તિના ફાયદોઓથી હમેશા દૂર જ રાખ્યા છે.અનુસૂચિત વિસ્તારની સંપત્તિઓ બિનઆદિવાસી,ઉધોગપતિઓ બિનકાયદેસર લુટી રહ્યા છે.સરદાર સરોવર ડેમ માટે,વિયર ડેમ માટે,સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે અમારી જમીનો લઈ માતૃભૂમિ છોડાવી આદિવાસીઓને વિસ્થાપીત કર્યા છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી,સરદાર સરોવર નર્મદા ડેમ માટે જમીનો આદિવાસીઓની,વિસ્થાપીત આદિવાસીઓ થયા અને જ્યારે વિકાસની વાત આવી તો આદિવાસીઓને વિકાસથી દૂર કેમ રખાય રહ્યા છે,વિકાસમા આદિવાસીઓને ભાગીદારી કેમ નથી બનાવતા?સ્ટેચ્યુ ઓફ યુનિટી-નર્મદા ડેમ માટે ભોગ આદિવાસીઓનો લેવાયો છે તો ફાયદો પણ આદિવાસીઓને જ થવો જોઈએ.

આદિવાસી સમાજવતી અમારી આ ૧૩ માંગણીઓ પૂર્ણ કરો:.....

(૧)સરદાર સરોવર નર્મદા ડેમ,સ્ટેચ્યુ ઓફ યુનિટી,ટેન્ટ સીટી,રેવા ભવન,સરકીટ હાઉસ,ફૂડ કોર્ટ,વેલી ઓફ ફ્લાવર,વિયર ડેમ,ખાનગી હોટલો અને રીસોર્ટના તમામ કર્મચારીઓ સ્થાનિક અને આદિવાસી જ હોવા જોઈએ.

(૨)જેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર નર્મદા ડેમ માટે પોતાની જમીનો આપી છે તેમના પરીવારજનોને કાયમી નોકરી આપવામા આવે અને જ્યાં સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમ છે ત્યાં સુધી તેમના પરિવારના સભ્યોની નોકરીમા પહેલી પસંદગી કરવામાંમા આવે.

(૩)નર્મદા ડેમ - સ્ટેચ્યુ ઓફ યુનિટી મા પ્રભાવિત આસપાસના ૧૩ ગામ અને સ્થાનિક ૭૨ ગામના આદિવાસીઓ અને નર્મદા ડેમ અસરગ્રસ્તોને નોકરીઓમાં પહેલી પસંદગી કરવામાં આવે.ભોગ અમારો છે તો નોકરી ઓ પણ અમને આપો.બહારના લોકોને નોકરી આપવાનું બંધ કરવામાં આવે.

જે તે નોકરીઓ માટે અનુકૂળ ભરતીઓ માટે સ્થાનિક આદિવાસીઓ - નર્મદા ડેમ અસરગ્રસ્તોને સ્કીલ ડેવલપમેન્ટ હેઠળ તાલિમ આપી દરેક ક્ષેત્રમાં ૧૦૦% ભરતી સ્થાનિક અને આદિવાસીઓથી જ કરવામાં આવે.

(૪)ભારત બંધારણની અનુસૂચિ ૫ મુજબ ટેન્ટ સીટી, ફુડ કોર્ટના તમામ કોન્ટ્રાક્ટ આદિવાસીઓને આપવામાં આવે,ટેન્ટ સીટી, ફુડ કોર્ટના કોન્ટ્રાક્ટ જે બિનઆદિવાસીઓને આપી દેવામાં આવ્યા છે તે રદ કરો આ તમામ કોન્ટ્રાક્ટ આદિવાસીઓને આપવામાં આવે.

(૫)ટુરિસ્ટ ગાઈડ તરીકે પણ સ્થાનિક,વિસ્થાપીતો અને આદિવાસીઓથી જ ભરતી કરવામાં આવે અન્ય બહારથી ટુરિસ્ટ ગાઈડની ભરતી રદ કરો.

(૬)ભારતીય બંધારણની અનુસૂચિ ૫ મુજબ બિનઆદિવાસીઓને આ વિસ્તારમા ધંધો કરવાનો અધિકાર નથી આથી કેવડિયા વિસ્તારમા ખાનગી હોટલો - રીસોર્ટના માલિક પણ આદિવાસી જ હોવા જોઈએ.અને તેના તમામ કર્મચારીઓ પણ આદિવાસીઓ જ હોવા જોઈએ.

(૭)કેવડિયા વિસ્તારની આદિવાસી પંચાયતોને અનુસૂચિ ૫,પેસા કાનુન મુજબ બહારથી આવતા પ્રવાસીઓ પાસેથી વાહનો તેમજ પ્રવેશ માટે ફી લેવાનો અધિકાર છે પરંતુ હાલ આ ફી ગુજરાત સરકાર લઈ રહી છે જે બિનકાયદેસર છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમની મુલાકાતી ફી ની આવકની રોયલ્ટી આદિવાસી પંચાયતોને આપવામાં આવે.અથવા મુલાકાતી ફી ઉઘરાણી માટે આદિવાસી પંચાયતોને હક્ક આપવામાં આવે.ગ્રામ પંચાયતોને રાજ્ય સરકાર ખાનગી હોટલો - રીસોર્ટ - ભોજનાલય બનાવવા ફંડ આપે જેથી ગ્રામ પંચાયતો પોતે સ્વનિર્ભર બની પોતાના ગામ યુવાનોને રોજગારી આપે.

(૮)સ્ટેચ્યુ ઓફ યુનિટી અને વિયર ડેમનું બાંધકામ કરનારા સ્થાનિક આદિવાસીઓની નોકરીઓમા પસંદગી કરવામાં આવે.સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ભોગ અમે આદિવાસીઓએ આપ્યો છે,જમીનો અમારી ડુબી ગઈ છે અને જ્યારે વિકાસની વાત આવી તો દરેક રાજ્યના ભવન અહીં બનાવશો તો પછી અમારી હોટલોમા રહેશે કોણ? અમારા ભોજનાલયોમા જમશે કોણ?બીજા રાજ્યના મુલાકાતીઓની આવક જે તે રાજ્યમા જ પાછી જતી રહેવાની છે તો અમને અમારી જમીનો પાછી આપી દો.દરેક રાજ્યના ભવન અહીં બનાવશો તો રાજ્યની તિજોરી આવકને પણ નુકસાન થશે.આથી અમે ગુજરાત સરકારના આ નિર્ણયનો વિરોધ કરીએ છીએ.

(૯)નર્મદા ડેમનું પાણી પહેલાં અમો આદિવાસીઓને સિંચાઈ માટે આપો પછી જ્યાં લઈ જવું છે ત્યાં લઈ જાવ.જે સ્થાનિક આદિવાસીઓએ જમીનના બદલે જમીન કે પૈસા પણ નથી જોઈતા તે આદિવાસીઓ પાસેથી ગુજરાત સરકાર જમીનો બળજબરી પૂર્વક લઈ શકશે નહીં.

(૧૦)ભારતીય બંધારણની અનુસૂચિ ૫ મુજબ નર્મદા જિલ્લા આદિવાસી અનામત જિલ્લો છે આથી વિકાસના નામે બિનઆદિવાસીઓ ને અમારા જિલ્લામા લાવી બિનકાયદેસરના મતદાર બનાવવા નહીં જેથી અમારી સંસ્કૃતિ,રીત રીવાજ બચી રહે.આદિવાસીઓ ને રૂઢીગત પરંપરાથી જીવન જીવવાનો બંધારણીય અધિકાર છે.આદિવાસી સંસ્કૃતિ ઉપર સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે આક્રમક કરવામા આવે નહીં.

(૧૧)સ્ટેચ્યુ ઓફ યુનિટી કે હવે પછીના કોઈ પણ પ્રોજેક્ટ માટે આદીવાસીઓની જમીનો નહીં લેવામાં આવે,આદિવાસીઓને હવે કોઈ પણ પ્રોજેક્ટ માટે વિસ્થાપીત નહીં કરવામા આવે તેવી કેન્દ્ર-રાજ્ય સરકાર ખાતરી આપે.

(૧૨)નર્મદા જિલ્લા આદિવાસી અનામત જિલ્લો હોય તમામ આદિવાસીઓ પાસેથી નર્મદા જિલ્લામા કોઈ પણ પ્રકારની ફી વસુલવામા નહીં આવે.રોડ અને ટોલ ટેક્સમાંથી આદિવાસીઓ અને જી.જે ૨૨ ની ગાડીઓને મુક્તિ આપવામાં આવે.

(૧૩)નર્મદા જિલ્લામા આદિવાસીઓને છેતરીને,૭૩ અઅ,અનુસુચિ-૫ કાનુન ભંગ કરી આદિવાસીઓની જે જમીનો બિનઆદિવાસીઓએ પડાવી લીધી છે તે તમામ જમીનોના દસ્તાવેજો રદ કરી મુળ માલિકોને જમીનો પરત કરવામાં આવે.હવે પછી જિલ્લામા પર્યાવરણ-પ્રકૃતિનો વિનાશ કરનારા કોઈ પણ પ્રોજેક્ટનું બાંધકામ કરવું નહીં.એક પણ વૃક્ષ કાપશો નહીં.પહાડો તોડશો નહિ.

ઓપરેશન ઓલઆઉટથી ત્રાસવાદીઓ ભયભીત

ત્રાસવાદી હુમલાની શક્યતા દિવાળી પર નકારી ન શકાય

ભારતમાં ધાર્મિક સ્થળો -કોમવાદીરીતે સંવેદનશીલ રહેલા વિસ્તારોની સલામતીને લઈ રાજ્યોને સુચના અપાઈ છે

નવી દિલ્હી

આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર પાકિસ્તાન દ્વારા વારંવાર કરવામાં આવતી નાપાક હરકતો અને ઘુસણખોરી વચ્ચે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક સમયથી સારા રહ્યા નથી. પાકિસ્તાન દ્વારા મોટા પાયે ઘુસણખોરોને ઘુસાડી દેવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં હાલમાં ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટ વચ્ચે હચમચી ઉઠેલા ત્રાસવાદી કેટલાક હુમલાને અંજામ આપી શકે છે.આવી સ્થિતીમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત બનેલી છે.ય નવેસરના ગુપ્ત હેવાલ બાદ તમામ જગ્યાએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. હાલના મહિનામાં કાશ્મીરમાં તમામ ત્રાસવાદીઓને શોધી શોધીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવી રહ્યા છે. તેમના લીડરોને ઠાર કરાયા છે. તેમની કમર તોડી નાંખવામાં આવી છે. આવી સ્થિતીમાં ત્રાસવાદીઓ તેમની હાજરીને પુરવાર કરવા એકબે હુમલાને અંજામ આપી શકે છે. આવી સ્થિતીમાં હુમલાના ખતરાને નકારી શકાય નહી. પાકિસ્તાન ભારતમાં દિવાળીની ઉજવણીમાં ખલેલ પહોંચાડી દેવાના પ્રયાસ કરી શકે છે. જેથી આ વખતે ખાસ તકેદારી રાખવા માટેની સુચના પહેલાથી જ આપવામાં આવી છે. દિવાળીના તહેવાર દરમિયાન ત્રાસવાદી હુમલાની શક્યતાને નકારી શકાય નહી. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. માહોલને વધુ ખરાબ કરવાના હેતુથી હુમલાને અંજામ આપવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. ત્રાસવાદી પ્રવૃતિની અવગણના કરી શકાય નહી. જેથી એલર્ટ રહેવાની સુચના આપવામાં આવી છે. તહેવાર દરમિયાન ત્રાસવાદી હુમલાની શક્યતા છે કે કેમ તે અંગે પુછવામાં આવતા જાણકાર પોલીસ અધિકારીઓ અને ઈન્ટેલિજન્સ સંસ્થાઓએ કહ્યું હતું કે શક્યતા રહેલી છે. તહેવારની સિઝન દરમિયાન કોમવાદીરીતે સંવેદનશીલ રહેલા સ્થળો અને પુજાના સ્થળોની સુરક્ષાની ખાતરી કરવા માટે તમામ રાજ્યોને કોઈ સુચના કેન્દ્રિય ગૃહ મંત્રાલય તરફથી આપવામાં આવી છે કે કેમ તે અંગે પુછવામાં આવતા અધિકારીઓએ કહ્યુ છે કે આવી સુચના સરકારને મળતી માહિતીના આધારે સમય સમય પર જારી કરવામાં આવે છે. અમે નિયમિત એલર્ટની જાહેરાત કરતા હોઈએ છીએ. જે કઈ પણ માહિતી મળે છે તે આધારે એલર્ટ જારી કરવામાં આવે છે. સુચનામાં જણાવ્યું હતું કે દેશના કેટલાક ભાગોમાં હાલ કોમી હિંસા થઈ ચુકી છે. યોગ્ય સુરક્ષા વ્યવસ્થા તમામ જગ્યાએ ગોઠવી દેવામાં આવી છે. કોમી હિંસાને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આવતીકાલે દેશભરમાં દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. આને લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. દિવાળી પર તમામ જગ્યાએ વધારે ભીડ જોવા મળે છે .આવી સ્થિતીમાં ત્રાસવાદી સંગઠન પરિસ્થિતીનો લાભ લઈને કોઇ હુમલાને અંજામ આપી શકે છે. જો કે સુરક્ષા સંસ્થાઓ તમામ પ્રયાસોને નિષ્ફળ કરવા માટે પહેલાથી જ સજ્જ દેખાઇ છે. સુરક્ષા સંસ્થાઓ કોઇ બાબતને હળવાશથી લેવા માટે તૈયાર નથી.સુરક્ષા દળો જમ્મુ કાશ્મીર, દિલ્હી અને અન્ય વિસ્તારોમાં તમામ પગલા લઈ રહી છે. ગુપ્ત રીતે પણ નજર રાખી રહી છે.

ખુન જેવા ગંભીર પ્રકારના શરીર સબંધી ગુન્હાના આરોપીને પાસા હેઠળ ધકેલતી પશ્ચિમ કચ્છ-ભુજ એલ.સી.બી.

ભુજ કચ્છ: અગાઉ ભુજમાં સવા એક વર્ષ અગાઉ સરલી ગામના કોળી યુવાનની હત્યાના ગુન્હામાં સંડોવાયેલ અનવર ઉર્ફે અનુભા ફકીરમામદ લાખા, ઉ.વ.૩૪, રહે.ભીડનાકા બહાર, વોરાના હજીરા પાસે, સુરલભીટ રોડ, સરફીયા મસ્જીદની પાસે, ભુજ વાળો હાલના પ્રર્વતમાન સંજોગોમાં મજકુર જામીન મુકત થયેલ હોઈ અને નજીકના ભવિષ્યમાં ફરીથી આવા ગંભીર ગુન્હાઓમાં રચ્યો પચ્યો રહી જાહેર વ્યવસ્થાને બાધારૂપ થાય તેવી પુરેપુરી શકયતા હોઈ હાલના સંજોગોમાં જીલ્લામાં કાયદો વ્યવસ્થા સુચારૂ ચાલે અને મજકુર કોઈ પડકારરૂપ અડચણો ઉભી ન કરે તે હેતુથી શ્રી ડી.બી.વાઘેલા આઈ.જી.પી. સરહદી રેન્જ ભુજ કચ્છનાઓ તથા શ્રી એમ.એસ.ભરાડા પોલીસ અધિક્ષક પશ્ચિમ કચ્છ ભુજનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મજકુર



વિરૂધ્ધ શ્રી એમ.બી.ઔસુરા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી.,પશ્ચિમ કચ્છ-ભુજ નાઓએ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષકશ્રી મારફતે કલેકટરશ્રી કચ્છ ભુજનાઓએ મોકલી આપતા જે દરખાસ્તના કારણો તથા હાલની જીલ્લાની પરીસ્થિતિ ધ્યાને લઈ કાયદો વ્યવસ્થાના હિતમાં મજકુરને પાસા ધારા હેઠળ અટકાયતમાં લેવા વોરંટ જારી કરેલ જે પાસા વોરંટ આધારે ઈ.ચા.પો.ઈન્સ.શ્રી તથા એલ.સી.બી.સ્ટાફના સભ્યો મજકુરને આજરોજ કલાક ૧૬/૦૫ વાગ્યે ભુજ ખાતે થી અટકાયતમાં લઈ તેના ઉપર પાસા વોરંટની બજવણી કરવામાં આવેલ અને વોરંટમાં જણાવેલ હુકમ મુજબ યોગ્ય પોલીસ જાપ્તા હેઠળ મજકુરને ખાસ જેલ વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે. પશ્ચિમ કચ્છ જીલ્લામાં જાહેર વ્યવસ્થા ખોરવી કાયદો વ્યવસ્થા સામે પડકારરૂપ ઈસમો સામે કોઈ પણ શેહશરમ વગર આવી કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

નર્મદા જિલ્લા જેવા પછાત જિલ્લામાં પણ ઓનલાઇન ખરીદી વધતા વેપારીઓને તકલીફ







રાજપીપળા ના મુખ્ય બજારો માં વેપારીઓ ની આવક પર પચાસ ટકા કાપ,લોકો ઓનાઈન ખરીદી કરતા વધ્યા

અમેં ઘર ની ઘણી વસ્તુ ઓનલાઈન મંગાવી છે એ સસ્તી પડે છે : જાગૃતિબેન શાહ (ગ્રાહક),રાજપીપલા

રાજપીપળા ના એક મહિલા ગ્રાહકે જણાવ્યું કે બજાર માંથી અમુક ઘર માટે ની વસ્તુ ઓનલાઈન સસ્તી પડે છે માટે અમે ઘણી ઘર ની વસ્તુઓ ઓનલાઈન મંગાવી છે હવે ગેરંટી તો ખાસ કોઈ કંપની આપતી નથી ફક્ત વોરંટી જ આપે છે ત્યારે ઓનલાઈન વસ્તુ મંગાવતા એ ઘણી સસ્તી પડે છે માટે લોકો એ તરફ વધુ ખરીદી માટે પ્રેરાય છે

ઓનલાઈન ખરીદી વધતા લોકલ વેપારીઓ ની આવક માં નોંધપાત્ર ઘટાડો,છતાં અમુક ખાત્રી ની દુકાનો માં ઘરાકી હંમેશ ની જેમજ જોરદાર જોવા મળી જયારે નવા અને નાના વોરીઓ ને ફાંફા

રાજપીપળા : નર્મદા જિલ્લા માં હાલ દિવાળી ની ઘરાકી માં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે જેનું મુખ્ય કારણ ઓનલાઈન ખરીદી કરતા ગ્રાહકો વધતા આ સ્તિથી ઉભી થઈ હોવાનું અમુક વેપારીઓ માને છે ત્યારે દિવાળી જેવા મોટા તહેવારો માં પણ જે દુાનદારો મોડી રાત સુધી ાહકો વ્યે ઘેરાયેલા જોવા મળા હતા એ પૈકી પણ ઘણા વેપારીઓ ચાલુ વે ગ્રાહકો ની રાહ જોઈ રહેા જણાયા હતા જકે અમુક ખાતરી ની દુકાનો પર ઘરાકી દર વર્ષ ની જેમ સારી જોવા મળી હતી છતાં અમુક નવા અને નાના દુકાનદારો સામી દિવાળી એ પણ ફાંફા મારતા નજરે પડ્યા હતા

ઓનલાઈન ખરીદી માં સર્વિસ ની તકલીફ થતી હોવાનું જોવા મળ્યું છે : સાજીદભાઈ મેમણ (વેપારી)

જોકે રાજપીપળા માં ઈલેકટ્રોનિક્સ નો શોરૂમ ધરાવતા જાણીતા વેપારી સાજીદભાઈ મેમણ એ આ માટે જણાવ્યું કે ઓનલાઈન ખરીદી કરવી એટલી વિશ્વશનીય નથી જયારે લોકલ ખરીદી કરતા ગ્રાહકો ને વેચાણ બાદ ની સર્વિસ સારી મળે છે અને ઓનલાઈન માં ક્યારેક છેતરાઈ જવાનો પણ ભય રહેલો છે માટે લોકલ ખરીદી કરવી સારી છે .

દિવાળી ના તહેવારો ને ધ્યાને રાખી રાજપીપળા નગરપાલિકા દ્વારા ખાદ્ય વસ્તુઓ નું કડક ચેકીંગ



રાજપીપળા શહેરમાં હાલ દિવાળી જેવા મોટા તહેવાર માં મિલાવટયુક્ત ખાદ્ય સામગ્રી નું વેચાણ ન થાય અને લોકોના સ્વાસ્થ્ય ન બગડે એ બાબતે તમામ લારીઓ દુકાનો પર ચેકીંગ

રાજપીપળા: હાલ દિવાળી ના તહેવારો માં રાજપીપળા શહેર ના લોકો ને મિલાવટયુક્ત ખાદ્ય પદાર્થ ન વેચાય અને રોગચાળો ફાટી ન નીકળે માટે પાણીપુરી સહિતની લારીઓ અને દુકાનો માં નગરપાલિકા ની ટિમો એ ચેકીંગ હાથ ધર્યુ હતું જેમાં ખાસ કોઈ વેપારી દ્વારા વેચાણ માં મિલાવટ કે ગંદકી ન રખાય એ માટે ટિમ ને કડક સૂચના આપી તપાસ કરાવતા અમુક જગ્યા એ ગંદકી કે અન્ય ખામી જણાતા પાલિકા ની ટીમના એસ આઈ હેમેન્દ્ર માત્રોજા સહિતના કર્મચારીઓ એ તમામ લારી,દૂકાનો વાળાઓ ને જરૂરી સૂચના આપી નિયમનું પાલન કરવા કડક શબ્દોમાં જણાવ્યું હતું જોકે અમુક દુકાનો કે લારીઓ ઓર બગડેલી કે વાસી વસ્તુ જણાતા એનો પાલિકા ની ટીમે નાશ કરી કડક સૂચના આપી હતી વારંવાર સમયાંતરે થતા આ ચેકીંગ ના કારણે ખાસ કોઈ વેપારીઓ પાસે ખરાબ ખાદ્ય પદાર્થ પકડાતો નથી છતાં અમુક લારીઓ પર બગડેલા બટાટા સહીત ની અન્ય સામગ્રી જનતા એનો નાશ કરાય છે માટે રાજપીપળાના બજારો માં લોકો બિન્દાસ્ત ખાતા જોવા મળે છે એ પાલિકા ના કડક ચેકીંગ નું પરિણામ કહી શકાય.

નર્મદા જિલ્લામાં સામી દિવાળીએ ચોરટાઓની હાથ સફાઈ

સાગબારા ના પાટલામહુ પ્રા.શાળા માંથી એલ ઈ ડી ટી વી ની ચોરી

રાજપીપળા : દિવાળી ના તહેવાર ટાણેજ નર્મદા જિલ્લા ના સાગબારા તાલુકા ના પાટલામહુ ની પ્રા.શાળા માં અજાણ્યા ચોરો એ હાથ સફાઈ કરી ટી વી ની ચોરી કરતા શાળા ના શિક્ષકે ફરિયાદ આપી હતી

પાટલામહુ ગામમાં આવેલી પ્રાથમિક શાળા ના રૂમ નં.માં મુકેલા સેમસંગ કંપની ના એલ ઈ ડી ટી વી ની ગત તારીખ ૨૦ થી ૨૪ ઓક્ટોમ્બર દરમિયાન કોઈ અજાણ્યા વ્યક્તિઓ એ ચોરી કરી હતી સાથે ટી વી માટે ના લોખંડ ના સ્ટેન્ડ ને પણ ચોરટાઓ ઉઠાવી જતા કુલ રૂપિયા ૩૧,૫૦૦/- ની મત્તા ની ચોરી થઈ હોવાનું શાળા ના શિક્ષક અનિલ ગાંગોડા એ સાગબારા પો.સ્ટે.માં આપેલી ફરિયાદ માં લખાવ્યું હોય આ અજાણ્યા ચોરો કોણ છે એ બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે .

નર્મદા ધારીખેડા સુગર ફેકટરી ખાતે ઓર્ગેનિક ખાંડનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું

પ્રથમ બે મહિના શેરડીનું પીલાણ કરશે, બાદમાં તમામ શેરડી નું પીલાણ કરવામાં આવશે.

રાજપીપળા : નર્મદા જીલ્લા ની જીવાદોરી સમાન નર્મદા ધારીખેડા સુગર ફેક્ટરી ૮ લાખ મેટ્રિક ટન ના લક્ષ્યાંક સાથે પુનઃ એકવાર નવી સીઝન માટે સરુઆત કરાઈ નર્મદા સુગર ના ચેરમેન ઘનશ્યામ પટેલ અને તમામ ડીરેકટરો સાથે સુગર ેક્ટરી ી સમગ્ર ટીમ અને ખેડુતો ની હાજરી માં ફેકટરી ને ધમધમતી કરાવામાં આવી છે, ફેક્ટરીના શરૂઆતમાં ૫૦૦ હેક્ટરમાં વાવેલી ઓર્ગેનિક શેરડી નું પીલાણ ર મહિના કરવામાં આવશે જેનાથી શુદ્ધ ખાંડ સલ્ફરલેશ ખાંડ નું ઉત્પાદન કરી ભારત દેશ સહીત વિદેશો માં પણ નિકાસ કરવામાં આવશે, આમ આ ઓર્ગેનિક ખાંડ બનાવવા વાળી દેશની પ્રથમ સુગર ફેક્ટરી નર્મદા ખાંડસરી ઉદ્યોગ ગણાયો, આ સાથે ફેકટરી ઉત્તમ કોલીટિની ખાંડ નું ઉત્પાદન કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. એમડી, નરેન્દ્ર પટેલ તમામનું નિરીક્ષણ કરીને ઓર્ગેનિક ખાંડનું ઉત્પાદન કરવામાં આવે છે.

આ બાબતે ચેરમેન ઘનશ્યામ પટેલે જણાવ્યું હતું કે નવા વર્ષ માટે ભરૂચ નર્મદા માં ૩૦ હજાર એકરમાં શેરડીનું વાવેતર કરવામાં આવ્યું છે. અને ૮ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણ કરીને ૧૦ લાખ ક્વિન્ટલ ખાંડ નું ઉત્પાદન કરવામાં આવશે આ લક્ષ્યાંક પૂર્ણ કરવા સુગરની સમગ્ર ટીમ કામે લાગી, મારા ખેડૂત મિત્રોનો સહયોગ થી શરૂઆત કરી છે. પ્રથમ ૫૦૦ હેક્ટર વાવેતર ઓર્ગેનિક ખાતર વગરની શેરડી નું પીલાણ થશે અને ઓર્ગેનિગ ખેતીની નર્મદા સુગરે આજે પહેલ કરી છે. ૨ લાખ મેટ્રિક ટન શેરડી અન્ય સુગરોમાં પીલાણ થાય એવું આયોજન કર્યું છે.

રાજપીપળા સહીત નર્મદા જિલ્લામાં ફટાકડાના વેચાણ અને નિયમોની એસી તેસી વચ્ચે અધિકારીઓ ના ફરમાન જારી

નર્મદા જિલ્લા માં હવે રાત્રિના આઠ થી દસ વાગ્યા દરમિયાન જ ફટાકડા ફોડવા ફરમાન પણ આવા ફરમાનો ફક્ત કાગળ પરજ જોવા મળે છે

રાજપીપળા : દિવાળીના તહેવારો અને અન્ય તહેવારો નિમિત્તે જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા ધ્વનિ પ્રદૂષણની વિપરીત અસરથી રક્ષવા માટે ફટાકડા ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે સુપ્રિમ કોર્ટના દિશાનિર્દેશો મુજબ તેના અમલીકરણ માટે દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતોના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે નર્મદા જિલ્લામાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા ઉપયોગ પર નિયંત્રણ તા. ૫ મી નવેમ્બર, ૨૦૧૮ થી તા.૨૫ મી નવેમ્બર, ૨૦૧૮ સુધી મુકવામાં આવેલ છે.

તદ્ઉપરાંત અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એચ.કે. વ્યાસે તેમને મળેલ સત્તા રૂએ સમગ્ર નર્મદા જિલ્લામાં નીચે મુજબના કૃત્યોનું ચૂસ્તપણે પાલન કરવા માટે ફરમાવ્યું છે. દિવાળીના તહેવાર દરમ્યાન રાત્રિના આઠ થી દસ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી. ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી. હાનિકારક ધ્વનિ પ્રદૂષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (Decibel level) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના

રાજપીપળા માં ખુલ્લેઆમ વેંચતા પ્રતિબંધિત ફટાકડા છતાં તંત્ર દ્વારા કોઈજ પગલાં નથી ભરાતા ત્યારે કાયદાનો અમલ ફક્ત કાગડો પરજ જોવા મળે છે નિયમોની એસી તેસી કરતા ફટાકડા વેંચતા વેપારીઓ કે ફોડતા લોકો બિન્દાસ હોવા છતાં તંત્ર મૂંગા મોઢે તમાશો જોતું આવ્યું છે .

દરેક બોક્સ ઉપર PESO ની સુચના પ્રમાણેનું માક'ગ હોવું જરૂરી છે. હોસ્પિટલ, નર્સિંગહોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષિક સંથાઓ, યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત?યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકશે નહી. કોઈ પણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી - રાખી શકાશે નહી. ઈ-કોમર્સ વેબસાઈટ ફલીપકાર્ટ, એમેઝોન સહિતની કોઈપણ ઈ-કોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહી અને વેચાણ કરી શકાશે નહી. લોકોને અગવડ ઉભી ન થાય, કોઈપણ ભયજનક પરિસ્થિતિનું નિમાર્ણ ન થાય તે માટે નર્મદા જિલ્લાના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોનો સંગ્રહ કરેલ ગોદામો તથા હવાઈ મથકની નજીક ફટાકડા, દારૂખાનું ફોડી શકાશે નહી. કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ / આતશબાજ બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી.

બેંકનું સીલ તોડી નાંખી પરિવારે મિલ્કત પર કબજો જમાવી દીધો

બેંક સત્તાધિશો સ્થળ પર પહોંચતા પરિવારે ઝેર પીવાની ધમકી આપી

સુરત

બેંકની લોન ભરપાઈ નહીં કરતા બેંકે મિલ્કતને સીલ મારી દીધું હતું. પરિવારે આ સીલ તોડી કબજે જમાવી દીધો હતો. બેંકના અધિકારી તપાસ કરવા જતાં પરિવારે ઝેર પી લેવાની ધમકી આપી હોવાનો બનાવ સરથાણા પોલીસ મથકે નોંધાયો હતો.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાસોદરા સાંઈ શ્રદ્ધા રો હાઉસમાં રહેતાં સાવલીયા મથુર ભગવાનભાઈ, જયાબેન મથુરભાઈએ પોતાના ઘર ઉપર આઈસીઆઈસીઆઈ બેંકમાંથી લોન લીધી હતી. આ લોન ભરપાઈ નહીં કરતા બેંકે મિલ્કતને સીલ મારી દીધું હતું. આરોપી દંપતિએ બેંકનું સીલ તોડી કબજો જમાવી દીધો હતો. બેંકના આસીસ્ટન્ટ મેનેજર સર્વે કરવા જતાં આરોપીએ 'જો તમારી સંસ્થાના કોઈ માણસો અમારા ઘરે આવશે તો અમો પરિવારના તમામ સભ્યો ઝેરી દવા પી લઈશું.'

આ અંગે બેંકના સતીષકુમાર કૃષ્ણામૂર્તિ ઐયરે ફરિયાદ નોંધાવી હતી.

દક્ષિણ ગુજરાતમાં દિવસમાં ગરમી અને રાત્રિ સમયમાં ઠંડી

સુરત

શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે ત્રણ દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે તાપમાનમાં વધઘટ થઈ રહી છે. અધિકતમ તાપમાનનો પારો ૩૫ ડીગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે.સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ શહેરનું અધિકતમ તાપમાન ૩૪.૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩.૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા અને હવાનું દબાણ ૧૦૧૪.૮ મિલીબાર નોંધાયું છે. શહેરમાં વાદળછાયુ વાતાવરણ વચ્ચે દિવસે અસહ્ય ઉકળાટ અને બફારાનો અનુભવ થઈ રહ્યો છે. જ્યારે રાત્રે અને મળસકે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. દિવાળી બાદ દક્ષિણ ગુજરાતમાં ચોમાસુ જામે તેવી શક્યતા છે.